ગાંધીનગર સમાચાર

# જય રણછોડ... માખણચોરના નારાથી ગાંધીનગર ગાજી ઉઠ્યું

**શહેરમાં રથયાત્રા...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

આચાર્ય તેમજ વિષ્ણુપ્રસાદ આચાર્યએ ભગવાનની પુજાવિધિ કરી યાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. ત્યાર બાદ સે-૧૬ નાગરિક બેંક પાસે યાત્રિકોને પાણીના પાઉચનુ વિતરણ કરવામાં આવ્યુ હતુ. ત્યારબાદ સે-૧૬ ના રથયાત્રાનુ ભવ્ય સ્વાગત કરાયુ હતુ. સે-૭ માં ભાવિકોની ભીડ જામી હતી. પાણી અને પ્રસાદના વિતરણ વચ્ચે વેપારીઓએ ઉત્સાહભેર ભગવાનની પુજા કરી હતી. સે-૮ માં પ્રવેશેલી રથયાત્રાનુ જિલ્લા કલેકટર સતીષ પટેલ નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા તેમજ સ્મિતાબેન જહા સહીત ગાંધીનગર સોસાયટીના મંડળ દ્વારા ઠંડા પાણીના પાઉચ સાથે વાહન આવી પહોંચતા ભારે રાહત અનુભવાઈ હતી. તેમની આ સેવાને રથયાત્રા સમિતિએ આવકારી માઈકમાં ખરા સમયે યોગ્ય સેવા આપવા બદલ આભાર માન્યો હતો. અહીંથી આગળ મેરીટાઈમ બોર્ડ પાસે પાણીની બોટલ, છાશ તથા આઈસ







શોપિંગમાં સ્વાગતના અંતે યાત્રા બ્રહ્મભવન પહોંચી હતી.જ્યાં ભગવાનની આરતી પુજા કરવામાં આવી હતી. અહીં ટેકવેનડો ના પ્રયોગોનુ નિદર્શન કરવામાં આવ્યુ હતુ. આગળ ફતેપુરાના ગ્રામજનોએ પણ રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ. આગળ જતી રથયાત્રામાં સે-૧૨ પાસે રહીશો દ્વારા રથાયાત્રાને વધાવામાં આવી હતી. અહીં સાંઇબાબા સેવા સમિતિ દ્વારા સમાચાર પરિવારે રથયાત્રાનુ સ્વાગત કર્યુ હતુ.રથયાત્રામાં વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના અખાડા તેમજ પ્રસાદનુ ટ્રેકટર પણ સામેલ હતુ. પાછળ આવતી કલાત્મક બગી પણ આકર્ષણનુ કેન્દ્ર બની હતી.આ ઉપરાંત બ્રહ્માકુમારીઝ દ્વારા રાધા અને કૃષ્ણના વેશમાં સજ્જ બાળકો સાથે ટ્રકમાં તૈયાર કરાયેલી વૃન્દાવનની પ્રતિકૃતિ સમા દ્રશ્યએ ભાવિકોમાં આકર્ષણ કેન્ડીની સેવા પુરી પાડવામાં આવી હતી. આમ તો દર વખતે પરંપરાગત રીતે પોલીસ ભવન વતી ડીજીપી રથયાત્રાનું સ્વાગત કરે છે પરંતુ આ વર્ષે ડીજીપી પી.પી. પાન્ડેય અમદાવાદ હોવાથી આ પરંપરા તુટી હતી. જો કે તેમના બદલે પીઆરો વી.જી. મડિયા તથા પોલીસભવનની ટીમે રથયાત્રાનું સ્વાગત કર્યુ હતું. રથયાત્રા સે. ૧૯માં પહોંચી ત્યાં ત્રણેક જગ્યાએ છાશ,

પાસે વેપારી મિત્રોએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું. અહીંથી રથયાત્રા સમર્પણ મૂકબધિર શાળા પાસેથી કોલવડાનગર સોસાયટી થઈ વરિયા પ્રજાપતિ સમાજભવન પહોંચી હતી. જ્યાં પ્રજાપતિ સમાજના સભ્યોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી રથયાત્રાનું સ્વાગત કરતા શરબત વિતરણ કર્યુ હતુ. સે. ૨૭માં એસઆરપી ગૃપના જવાનો દ્વારા છાશ વિતરણ કરાયું હતું. ડીએસપી કચેરી ખાતે મોટી સંખ્યામાં પોલીસ કર્મીઓના પરિવારો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. સે. ૨૭ શિવશક્તિ સોસાયટી થઈ વાયા સાંઈબાબા મંદિર થઈ રથયાત્રા સે. ૨૫ ચાર રસ્તા પહોંચી ત્યાં છાશ વિતરણ દ્વારા સ્વાગત કરાયું હતું. અહીંથી માતંગી સ્કૂલ પાસેથી સે. ૨૪માં પ્રવેસેલી રથયાત્રાના દર્શન કરવા માનવ મહેરામણ ઉમટ્યો હતો. અને

## સેક્ટર-૧૩, ૬, ૭, ૨૯, ૨૪, ૨૭, ૨૩માં માનવ મહેરામણ ઉમટ્યું : શહેરમાં ઉત્સાહનો અનોખો માહોલ : અખાડીયનો દ્વારા કરાતા કરતબોથી દર્શનાર્થીઓ અભિભૂત : હાથી - ઘોડા અને અખાડાના ખેલાડીઓથી રથયાત્રાનો માહોલ જામી ગયો હતો : કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ સેક્ટર-૩માં યાત્રાનું ભાવપૂર્વક પૂજન અર્ચન કર્યું હતું

ભાવિકોને ઠંડા પાણીની સાથે શરબત પીરસવામાં આવ્યુ હતુ. જો કે આ ઠેકાણે ભગવાનના રથના પૈડાનુ બેરિંગ તુટી જતા યાત્રા થંભી હતી. પંચદેવ જમાવ્યુ હતુ. રથયાત્રામાં ટ્રક, ઉંટલારી તેમજ અન્ય નાના મોટા ૧૦૦ જેટલા વાહનો જોડાયા હતા.આઈ સી યુ ઓન વ્હીલ સાથે ફાયરબ્રિગેડની ટીમ પણ તૈનાત હતી. બેન્ડબાજા ,ઢોલ નગારાના નાદ સાથે સેકટરો ગજવતા ભાવિકોમાં ભજન મંડળીની બહેનોએ પણ રંગત જમાવી હતી. જનસેવા સમિતિ,સ્વચ્છતાના ટેબલો પણ યાત્રામાં જોડાયા હતા.

તેમજ કડી વિશ્વ વિદ્યાલય અને પાણી અને આઈસ કેન્ડીની વ્યવસ્થા હતી. સે. ૨૦માં લીંબુ શરબત દ્વારા શોપીંગ સેન્ટર પાસે રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. સે. ૨૦ એક જગ્યાએ શીખ સમુદાય દ્વારા પણ શરબત પીવડાવી રથયાત્રાને આવકારવામાં આવી હતી. સે. ૩૦માં મીનરલ પાણીના જગ સાથે પીવાના ઠંડા પાણીની વ્યવસ્થા જોવા મળી હતી. અહીં રથયાત્રા સે. ૨૯માં જલારામ મંદિર પહોંચી હતી. જ્યાં મોસાળુ





### છુટા હાથે બાઈક દોડાવી હવામાં તલવાર વિંઝતા યુવાનોના કરતબ નિહાળી ભાવિકો દંગ

રથયાત્રા દરમિયાન સેકટરવાસીઓ અનેકવિધ આકર્ષણોથી પ્રભાવિત થયા હતા.જેમાં ટ્રક અને ટ્રેકટરમાં વિવિધ પાત્રોની વેશભુષામાં સજ્જ બાળકોએ સૌ કોઈનુ ધ્યાન ખેંચ્યુ હતુ. બગીમાં શિવ પાવર્તી ,



ટ્રકમાં રાધા કૃષ્ણ અને જલારામબાપાની વેશભુષામાં સજ્જ ભાવિકો પણ યાત્રામાં આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. જયારે ધર્મ રક્ષક દળના બાઈક સવાર યુવાનોના કરતબ નિહાળીને પણ સેકટરવાસીઓ દંગ રહી ગયા હતા. છુટા હાથે બાઈક દોડાવી હવામાં તલવાર વિંઝતા યુવાનોના જોઈને ભાવિકો દંગ થઈ ગયા હતા.

યુવક મંડળના યુવાનોની જહેમતથી થોડીવારમાં જ રથનુ પૈડુ તૈયાર કરી દેવાતા યાત્રા આગળ વધી હતી. સે-૧૩માં ભગવાનની રથયાત્રાના દર્શન માટે વિશાળ સંખ્યામાં ભાવિકો ઉમટી પડયા હતા. અહીં ઘાડેસવાર યુવાનોએ કરતબો રજુ કરી રહીશોના દિલ જીતી લીધા હતા. જયાંથી રથયાત્રા આગળ વધીને સે-૧૨ માં પ્રવેશી હતી. સ્થાનિક નગરસેવક નાજાભાઈ ઘાંઘર દ્વારા રથયાત્રાનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ.ભાવિકો માટે ૪ હજાર પાઉચ છાશ ,પાણી તેમજ પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી. રથયાત્રા સે-૬ ના રૂટમાં આગળ વધી હતી. સે-૬ માં ભુવનેશ્વર મહાદેવ મંદિર તેમજ શોપિંગના વેપારીઓ અને નગરસેવકો દ્વારા રથયાત્રાનુ સ્વાગત અને પુજાવિધિ કરવામાં આવી હતી.અહીં ગરબાની રમઝટ જામી હતી. સે -૬ માં ટ્રીમીંગના અભાવે લટકી પડેલી વૃક્ષની ડાળીઓ યાત્રા માટે આડશ બની હતી. સે-૩ - ૬ ની ચોકડી પાસે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભાવિકોની હાજરીમાં રાજયકક્ષાના પંચાયતી રાજ અને કૃષિમંત્રી પુરુષોત્તમ રૂપાલાએ ભગવાન જગન્નાથજીની પુજાવિધિ કરી યાત્રાને વધાવી હતી.ઘ-૨ કોર્નર પાસે પણ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા યાત્રાનુ સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જયારે સે-૨ પાસે વસાહત મંડળના પદાધિકારીઓ દ્વારા હેપ્પી કલબ દ્વારા નગરજનોને પર્યાવરણ અને પાણી બચાવો અંગે સંદેશો પણ આપવામાં આવ્યો હતો. રથયાત્રાના રૂટમાં ઘોડેસવાર યુવાનો પણ સેકટરવાસીઓ માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા હતા. આસપાસના ગામોમાંથી આવેલા ૧૦ જેટલા ઘોડેસવાર યુવાનોએ પણ કરતબ દેખાડી નગરજનોને દંગ કરી દીધા હતા. રથયાત્રામાં સૌથી છેલ્લે મહાનગરપાલિકા દ્વારા કચરો ઉઠાવા માટે ખાસ એક ટ્રકની વ્યવસ્થા કરવામાં આવી હતી.

સે. ૮માંથી શોપીંગ સેન્ટર થઈ રથયાત્રા પોલીસ ભવન પહોંચી ત્યાં સુધી વચ્ચે પાણીની કોઈ વ્યવસ્થા ના હોવાથી સ્વયંસેવકો અને યાત્રિકો તરસ્યા થયા હતા. આ દરમ્યાન બિરસામુંડા ભવન પાસે વાવોલની કિર્તિધામ હાર પહેરાવી સન્માન કરી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમયે કોમી એખલાસનો માહોલ છવાયો હતો. આ પ્રસંગે કોર્પોરેટર નિતિન પટેલ તથા જુસિકા અગ્રણી જીલુભા ધાંધલ ઉપસ્થિત હતા. સે. ૨૮માં શોપીંગ સેન્ટર

કરાયું હતું. તથા રથયાત્રાને વિસામા સાથે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી.

વિસામા બાદ બપોરે ૩.૩૦ કલાકે રથયાત્રાએ પ્રસ્થાન કર્યું હતું. સેક્ટરના માર્ગે થઈ ઘ-૭ પ્રેસ સર્કલ થઈ રથયાત્રા મહાકાલેશ્વર મંદિર આગળ પહોંચી ત્યારે મંદિરના સંચાલક મંડળે શરબત સાથે સ્વાગત કર્યું હતું. ત્યાંથી સે. ૨૮ બાલોદ્યાન પહોંચેલી રથયાત્રાનું હુસૈની કમિટિના સભ્યો દ્વારા સ્વાગત કરાયું હતું. હુસૈની કમિટિએ આ પ્રસંગે ફુલશંકર શાસ્ત્રીનુ હૈયે હૈયુ દળાય તેટલી ભીડ જામી હતી. સે. ૨૪માં જયમાતાજી વિવિધલક્ષી સેવાટ્રસ્ટ દ્વારા કોલ્ડ ડ્રીન્કસથી રથયાત્રાનું સ્વાગત કરાયું હતું તેમજ ઈન્દિરાનગર મિત્ર મંડળ દ્વારા મહાપ્રસાદની વ્યવસ્થા કરાઈ હતી.

સે. ૨૪ બાદ સ્વામિનારાયણ મંદિરના રસ્તે સે. ૨૩માં પહોંચેલી રથયાત્રાનું સ્વામિનારાયણ મંદિર દ્વારા આરતી કરી સ્વાગત કરાયું હતું. સે. ૨૩માં જ્યોતિ મહિલા મંડળના લતાબેન ચોકસીએ રથયાત્રાની આરતી ઉતારી હતી. અહીં ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ દ્વારા ભગવાનને હાર પહેરાવી રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. આ પ્રસંગે સે. ૨૩ વેપારી એસોસીએશન દ્વારા રસના પીવડાવી રથયાત્રાનું સ્વાગત કરાયું હતું. સે. ૨૩માં સમસ્ત બ્રહ્મસમાજ તરફથી છાશની વ્યવસ્થા કરાઈ હતી. અહી સ્થાનિક કોર્પોરેટર નીલાબેન શુકલ સહિત ભાજપના અગ્રણીઓએ રથયાત્રાનું સ્વાગત કર્યું હતું. કડી સર્વ વિદ્યાલય સંકુલ પાસે મેયર પ્રવિણભાઈ પટેલ તથા ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચૌહાણે ઉપસ્થિત રહી રથયાત્રાના દર્શનાર્થે ઉમટેલ હોસ્ટેલની બાળાઓનો ઉત્સાહ વધાર્યો હતો. સે. ૨૩થી આર્યુવેદિક હોસ્પિટલ થઈ સે. ૨૨ શોપીંગ સેન્ટર થઈ રથયાત્રા નિજ મંદિર પરત ફરી હતી. અહી આરતી ઉતારી રથયાત્રાનું સમાપન કરાયું હતું.

# મોહનના મોસાળામાં આઠ હજાર ભાવિકોને મોહનથાળ પીરસાયો

## સેક્ટર-૨૯ જલારામ ધામમાં મોસાળામાં અંદાજ કરતા અઢી હજાર વધુ ભાવિકોને પ્રસાદ પીરસાયો : સવારે પોણા અગિયારથી સાંજે ચાર વાગ્યા સુધી ભોજન પ્રસાદ પીરસાયો : સવા સો કીલો ખીચડી અને ૨૦૦ કીલો શાક વધુ બનાવવુ પડ્યુ



સવારથી જ રથયાત્રામાં શહેરીજનોની સંખ્યા ધારણા કરતા વધુ જોવા મળતી હતી. જાહેર રજાના કારણે વધુ ભક્તો રથયાત્રા દર્શનનો લાભ લઈ શક્યા હતા. પરિસ્થિતિનો તાગ મેળવી લઈ જલારામ મંદિરના સ્વયંસેવકો અને આગેવાનોએ ભોજન પ્રસાદ ગણતરી કરતાં વધુ બનાવવાની તૈયારીઓ કરી પ્રસંગને ખુબ સરસ રીતે સાચવી લીધો હતો. ૪૫૦૦ ભાવિકો મોસાળમાં ભોજન પ્રસાદ લેશે તેવો અંદાજ હતો પરંતુ અંદાજથી ૨૫૦૦ થી વધુ ભાવીકોએ ભોજન પ્રસાદ લીધો હતો. જલારામ ધામ સેવા સમિતિના પ્રમુખ જીતુભાઈ સેજાણીના જણાવ્યા મુજબ સવારે પોણા અગીયાર વાગ્યાથી ભોજન પ્રસાદ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું. તે માટે ખીચડી, બટાકાનું શાક અને મોહનથાળ તથા છાશના ૧૨ કાઉન્ટર ગોઠવી દેવામાં આવ્યા હતા. રથયાત્રા જલારામ ધામમાં પહોંચી ત્યાં સુધીમાં ૪,૦૦૦ ભાવીકોએ ભોજન પ્રસાદ લઈ લીધો હતો. સવારના પોણા અગીયારથી





સાંજના ચાર વાગ્યા સુધી પ્રસાદ પીરસવામાં આવ્યો હતો. એક પણ ભાવીક પ્રસાદ વગર ન જાય તેની ખાસ કાળજી રાખવામાં આવી હતી. ગણતરી મુજબ ૮૪૦ કીલો બટાકા લાવવામાં આવ્યા હતા, ૩૦૦ કીલો ખીચડી બનાવાઈ હતી, ૨ હજાર લીટર છાશ લાવવામાં આવી હતી પરંતુ ભક્તોની ભીડ જોઈને ૨૦૦ કીલો બટાકા, ૧૦૦ લીટર છાશ અને ૧૨૫ કીલો ખીચડી વધુ બનાવી દઈ કોઈ ભક્ત પ્રસાદ વગર મોસાળમાંથી ન જાય તેનું ખાસ ધ્યાન સ્વયંસેવકો તથા આગેવાનોએ રાખ્યું હતું.